ગાંધીનગર સમાચાર

**યુનિવર્સિટી યુવક મહોત્સવમાં ગાંધીનગરની મહિલા કોલેજ ઝળકી**

## @ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા સાંજે ૪.૦૦ કલાકે સે-૩, રામેશ્વર મહાદેવ મંદિર ખાતે રૂદ્રાભિષેકનો કાર્યક્રમ યોજાશે.

● સે-૩૦ મુકિતધામ ખાતે બપોરના ૩.૩૦ કલાકે ભાવનાબેન ગોપલાણીના મધુર કંઠે આનંદનો ગરબો યોજાશે.

# ફિક્સ પગારના વિરોધમાં ઉપવાસ કરનાર યુવા નેતાની ધરપકડ

## પોલીસે કોઈ ગુના વગર કરેલી અટકાયત : રજનીકાંત સોલંકીએ જામીન લેવા કરેલ ઈન્કાર : જેલમાં બેસીને ભુખ હડતાલ શરુ કરશે

ગાંધીનગર, તા.૨૮

કોન્ટ્રાક્ટ અને ફિક્સ પગાર સંઘર્ષ સમિતી દ્વારા ગાંધી જયંતીના દિવસે બીજી ઓક્ટોબરે રાજ્યનાં પાટનગર ગાંધીનગર ખાતે સત્યાગ્રહ છાવણીએ ઉપવાસ આંદોલન કરવાની જાહેરાત કરી છે. ફિક્સ પગારનાં વિરોધમાં ઉપવાસ કરવા અને સભા યોજવાની મંજુરી લેવા યુવા નેતા રજનીકાંત સોલંકી આજે સે-૭ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. પોલીસે રજનીકાંતને અંધારામાં રાખીને સુલેહ શાંતીનાં ભંગની કલમ હેઠળ પોલીસ સ્ટેશનમાં જ તેની ધરપકડ કરી લઈને મામલતદાર સમક્ષ રજુ કર્યા હતાં. જોકે વાંક ગુના વગર પોલીસે અટકાયત કરી હોવાના આક્ષેપ સાથે રજનીકાંતે મામલતદાર સમક્ષ જામીન લેવાનો ઈન્કાર કરી દીધો છે અને હવે બીજી ઓક્ટોબરથી નહી પણ આજથી જ જેલમાં ભુખ હડતાલ શરુ કરવાની જાહેરાત કરી દેતા મામલો ગરમાયો છે.

કોન્ટ્રાક્ટ અને ફિક્સ પગાર સંઘર્ષ સમિતી ચલાવનાર યુવા નેતા રજનીકાંત સોલંકીએ ફિક્સ પગાર અને નોકરીમાં કોન્ટ્રાક્ટ સહિતનાં મુદ્દાના વિરોધમાં ભુખ હડતાલ કરવાની જાહેરાત કરી છે. બીજી ઓક્ટોબર ગાંધી જયંતીના દિવસે રજનીકાંત સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે અમરણાંત ઉપવાસ શરુ કરી સભા સંબોધશે. આ કાર્યક્રમની મંજુરી લેવા માટે આજે રજનીકાંત સે-૭ પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. પોલીસે મંજુરી આપવાની ના પાડતા રજનીકાંત સોલંકીએ લેખીતમાં લેટરની માંગણી કરી હાઈકોર્ટમાંથી મંજુરી લેવાની તૈયારી બતાવી હતી તો પોલીસે તેને બેસાડીને કહી દીધુ કે તમારી અટકાયત કરવામાં આવી છે. પોલીસે આઈ.પી.સી કલમ ૧૦૭, ૧૫૧ હેઠળ સુલેહ શાંતી ભંગ બદલ ગુનો દાખલ કરીને રજનીકાંતની પોલીસ સ્ટેશનમાં જ ધરપકડ કરી લીધી હતી. રજનીકાંતના જણાવ્યાનુસાર પોલીસે તેને અંધારામાં રાખીને ગુનો નોંધ્યો છે અને તે પણ કોઈ ગુનો કર્યો ન હોવા છતાં...એટલે તેણે મામલતદાર સમક્ષ જામીન લેવાની પણ ના પાડી દીધી છે. તેને સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવશે ત્યારથી જ તે જેલમાં ભુખ હડતાલ શરુ કરી દેશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

## વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલમાં એક્સ રે રૂમની ફેરબદલ કરવામાં આવતા નવા દર્દીઓ તેમજ બહારગામથી આવતા દર્દીઓને હાલાકી પડી રહી છે અને રૂમની ફેરબદલ કરાતા ઘણા દર્દીઓના એક્સ રે ગુમ થયાની ફરિયાદ પણ ઉઠવા પામી છે.

## સે-3 નવરાત્રિ મહોત્સવ સમિતિના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૨૮

સેકટર-૩-સી નવરાત્રિ મહોત્સવ સમિતિની તાજેતરમાં સભા યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે વિક્રમભાઈ પટેલ મહામંત્રી તરીકે શંકરભાઈ ચૌધરી, ઉપપ્રમુખ તરીકે વિઠ્ઠલભાઈ પરમાર, મુકુન્દભાઈ સુથાર અને હીરાભાઈ મેસરિયા તથા સહમંત્રી તરીકે કેશુભાઈ પરમાર અને વિનોદભાઈ નાયી, ખજાનચી તરીકે કાંતિભાઈ ભરવાડ અને બળવંતભાઈ દરજીની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત કારોબારી સભ્યો તરીકે રમેશભાઈ દલવાડી, મનુભાઈ પટેલ, જિજ્ઞેશ ઠાકોર, નરસિંહભાઈ પરમાર, વિરસિંહ મકવાણા, ચિમનભાઈ સોલંકી, દેવેન્દ્ર પટેલ, આર.સી. પરમાર, સાંકાભાઈ પટેલ, દિવ્યાંગભાઈ પંડયા, સવજીભાઈ ચૌધરી અને ભુપેન્દ્રભાઈ ગજ્જર સહિતની વરણી કરાઈ હતી.

# ડેપોમાંથી બે પીક પોકેટર ઝડપાયા

## પાકીટ મળી ગયુ એટલે મુસાફરે ફરિયાદ આપવાની ના પાડી દીધી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર એસ.ટી ડેપોમાંથી અનેક વાર પાકીટમારો રંગે હાથ પકડાયા છે પરંતુ ભોગ બનનાર મુસાફરને પોતાનો ચોરાયેલો માલ પરત મળી જાય પછી કોર્ટ કચેરીનાં અને પોલીસ સ્ટેશનનાં ધક્કા ખાવાની આળસ આવે છે. એટલે પોલીસ ફરિયાદ પણ કરવાની ના પાડી દેતા હોય છે. આ પરિસ્થિતીમાં પોલીસની હાલત કફોડી બને છે. ફરિયાદી મળતા નથી ને આરોપી પોતાની પાસે હોય છે. પોતે ફરિયાદી બને તો ચોરીનો મુદ્દામાલ કોર્ટમાં રજુ કરી શકતા નથી કેમ કે મુસાફર પોતાનો ચોરાઈ ગયેલો માલ પરત લઈને ફરિયાદ નથી કરવી તેમ કહીને ચાલ્યો ગયો હોય છે. શંકાસ્પદ ચોરની પરિભાષામાં તે આરોપીઓ મુકાઈ જાય છે અને અંતે છોડી મુકાય છે. આ કારણે જ તેમને ચોરી કરવા વધુ પ્રેરક બળ મળે છે.

ગાંધીનગર એસ.ટી ડેપો માં પણ આજે આ જ સ્થિતી સર્જાઈ હતી. એક મુસાફરનું પાકીટ ચોરતા બે પીક પોકેટર્સને મુસાફરો અને ડેપોના કર્મીઓએ મળીને રંગે હાથ પકડી પાડયા હતા. બપોરે દોઢેક વાગ્યાનાં અરસામાં પકડાયેલા બંને શખ્સોને પકડીને મુસાફરોએ સે-૭ પોલીસને હવાલે કર્યા હતા. પોલીસે અમદાવાદ અમરાઈવાડી વિસ્તારનાં ભાવેશ રાજેશ દેવીપુજક અને અરવિંદ શાંતુરામ દેવીપુજક બંનેને પકડી પાડયા હતા. મુદ્દામાલ રિકવર કરવાની અને ફરિયાદ દાખલ કરવાની વાત આવી એટલે શુરા બનીને આવેલા મુસાફરો એક પછી એક સરકવા લાગ્યા અને જે ભોગ બનનાર ફરિયાદી હતા તેમણે તો ફરિયાદ આપવાની જ ના પાડી દીધી હતી. તેમનુ ચોરાયેલુ પાકીટ મળી ગયુ એટલે તે શું કામ આ ધક્કા ખાય?? આ માનસિકતા રાખીને પાકીટ લઈને તે ફરિયાદ આપ્યા વગર સરકી ગયા હતા. અંતે પોલીસે શકમંદ તરીકે બંનેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જરુરીયાતમંદ દર્દીઓને રાહતદરે દવાઓ ઉપલબ્ધ થઈ શકે તે માટે સિવિલ હોસ્પિટલમં સસ્તી દવાની દુકાનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ટુંક સમયમાં દર્દીઓને રાહતદરે દવાઓ ઉપલબ્ધ થઈ જશે.







ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સે-૨૦, ગાંધીનગર દ્વારા સ્વચ્છતા અને સામાજિકત સમરસતા સપ્તાહની ઉજવણી અંતર્ગત શહેરની સે-૨૦ની પ્રાથમિક શાળામાં પોસ્ટર પ્રદર્શનીનું તેમજ શળાની સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિલ્ડ્રન્સ યુનિ.ના કુલસચિવશ્રી કમલામણિબેન રાવે વિદ્યાર્થીઓને શારીરિક સ્વચ્છતા અંગે જાગ્રત કર્યા હતા. આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રૂપમબહેન ઉપાધ્યાય અને આસીસટન્ટ પ્રોફેસર ધર્માશુભાઈ વૈધ હાજર રહ્યા હતા. તોરલબહેન પંચાલ અને પારૂલબહેન ગોસ્વામીએ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં જયદેવભાઈ ધાંધિયા, બિપીનભાઈ સથવારાએ સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમમાં અંદાજિત ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ-શિક્ષકોએ ઉત્સાહથી ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગુરુ-ચેલાની હત્યાની તપાસ માટે પોલીસની એક ટીમ મદયપ્રદેશ જવા રવાના

ગાંધીનગર, તા.૨૮

કલોલ તાલુકાનાં સઈજ ગામમાં સ્થિત સિધ્ધનાથ મહાદેવ મંદિરમાં ઘુસીને મહંત ગુરુ અને તેના ચેલા બંનેની ક્રુરતાપુર્વક હત્યા કરી દેવાઈ હોવાની ઘટના બનવા પામી હતી. કુહાડી, કોદાડી અને ધારિયુ ત્રણ હથિયારો લોહીથી લથપથ હાલતમાં પડેલા મંદિરમાંથી જ મળી આવ્યા છે. કલોલ પોલીસે હત્યા અને લુંટનો ગુનો નોંધી શંકાના દાયરામાં આવેલા અગાઉના બે ચેલાઓ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે. પોલીસે એક ટીમ મધ્યપ્રદેશ ચિત્રકુટ રવાના કરી દીધી છે.

સઈજ ગામનાં સિધ્ધનાથ મહાદેવ મંદિરમાં વર્ષોથી મહંત દિલીપગીરી કૈલાશગીરી સેવા પુજા કરીને મંદિરનો કાર્યભાર સંભાળતા હતા. તાજેતરમાં જ જુના બે ચેલાઓને બદલ્યા બાદ હાલ ઈશ્વરવન નામના ચેલા હતા. ગુરુ દિલીપગીરી મંદિરમાં પોતાના રુમમાં રાત્રે સુઈ ગયા હતા અને બહાર પરિષરની ઓસરીમાં ચેલા સુઈ ગયા હતા ત્યારે મંદિરમાં ઘુસીને કોઈ કારણોસર નિર્દયતાથી બબ્બે હત્યા કરી હત્યારાઓ ફરાર થઈ ગયા હતા. ત્રણ ધારદાર હથિયારો પણ મળી આવ્યા છે. કલોલ ડીવાયએસપી અને એલસીબીની બે ટીમો તપાસ માટે દોડતી કરાઈ છે. મહંત દિલીપગીરીનાં અગાઉ બે ચેલા પ્રદીપ અને દિપક હતા. આ બંને સાળો બનેવી હતા. થોડા મહિના અગાઉ આ બંને ચેલાઓને મહંતે કાઢી મુક્યા હતા. આ બે ચેલાઓ પર શંકાને પગલે એક ટીમ મધ્યપ્રદેશ ચિત્રકુટ રવાના કરવામાં આવી છે અને મૃતકના નજીકના સાધુ સંતોના પણ નિવેદનો લેવામાં આવી રહ્યા છે.

## યુનિવર્સિટી યુવક મહોત્સવમાં ગાંધીનગરની મહિલા કોલેજ ઝળકી

ગાંધીનગર, તા.૨૮

તા. ૨૬ અને ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૬ દરમિયાન અમદાવાદ ખાતેની એન.એમ. ઝાલા કોલેજના યજમાનપદ હેઠળ યોજાયેલ ગુજરાત યુનિવર્સિટી ઉત્તર વિભાગના યુવક મહોત્સવમાં ગાંધીનગરની પ્રતિષ્ઠિત અને સમગ્ર ગુજરાતની અગ્રગણ્ય મહિલા કોલેજ ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ ચાર સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિજેતા બનેલ છે. જેમાં ઓન ધ સ્પોટ પેઈન્ટીગ, કોલાજ, માઈમ તથા મિમિક્રી સ્પર્ધાઓનો સમાવેશ થાય છે. આ જવલંત સિદ્ધિ બદલ કોલેજના આચાર્યા ડૉ. અમૃતાબહેન પટેલ, ઉપ આચાર્ય ડૉ. પ્રણવ જોષીપુરા અને સમગ્ર કોલેજ પરિવારે તમામ વિજેતા વિદ્યાર્થીનીઓ તથા યુથ ફેસ્ટીવલ સમિતિના ઈન્ચાર્જ પ્રા. પાયલબહેન પંડયા તથા કમિટીના સભ્યોને અભિનંદન પાઠવેલ છે. તા. ૩૦ તથા ૧લી ઓકટોબરના રોજ આંતર વિભાગીય યુવક મહોત્સવમાં શ્રેષ્ઠ દેખાવ માટે પણ તેમણે શુભેચ્છાઓ પાઠવેલ છે.

# બી.બી.એના પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ ઉમિયા ટ્યૂબ્સ લિમિટેડની ઔદ્યોગિક મુલાકાતે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ના પ્રથમ વર્ષનાં ૭૪ વિદ્યાર્થીઓએ ઉત્તર ગુજરાતનાં તલોદ સ્થિત ઔધોગિક વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત ઉમિયા ટ્યૂબ્સ લિમિટેડની મુલાકાત લીધી હતી. બી.બી.એનાં અભ્યાસ બાદ પોતાની કારકિર્દીનાં ઘડતરમાં તેમના આ અનુભવનો ઉપયોગ કરી શકે તેવા ઉમદા હેતુથી યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ ને કુલ ત્રણ વર્ષ માં છ વખત દેશની વિવિધ નામાંકિત કંપનીમાં મુલાકાતે મોકલવામાં આવે છે.

આ વખતની પ્રથમ વર્ષની ઔદ્યોગિક મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ઉમિયા ટ્યૂબ્સ લિમિટેડ કંપનીની મુલાકાત લેવા માં આવી હતી. કંપનીની સ્થાપના ૨૦૧૪માં તલોદ ખાતે કરવામાં આવી હતી. કંપનીનાં ડિરેક્ટર શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા દ્વારા ખુબ જ સારો સહકાર તેમજ કૉલેજ તેમજ તેમના વિદ્યાર્થીને ઉદ્યોગીક મુલાકાત માટે આવકાર મળ્યો હતો. કંપની તરફથી પ્રોડક્ષન મૅનેજર શ્રી હર્ષીલભાઈ દરજીએ વિદ્યાર્થીઓને જણાવ્યું કે કંપની કાચો-માલ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત જિંદાલ સ્ટીલ પાસેથી ખરીદે છે અને પછી ઉમિયા ટ્યૂબ્સ લિમિટેડ ખાતે વિવિધ પ્રકારની સ્ટીલ ટ્યૂબ્સનું ઉત્પાદન કરે છે. તેઓએ વિદ્યાર્થીઓને ઉત્પાદન પ્રક્રિયા તેમજ તેમાં ઉપયોગમાં લેવાતી



ટેક્નોલજી થી વાકેફ કર્યા હતા. કંપનીનાં જનરલ મૅનેજર શ્રી અમનભાઈ પટેલે સ્ટીલ ટ્યૂબ્સની પૉલિશિંગ તેમજ પેકેજિંગની માહિતી આપી હતી.

કંપનીના પદાધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓને કંપની બાબતોનાં પ્રશ્નોનાં વિસ્તારપૂર્વક જવાબ આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પ્રોસેસ થી લઈ કાચા માલ ની ખરીદી તેમજ વેચાણ ને લઈ ને પ્રશ્નો કર્યા હતા. તેના તેઓને સંતોષજનક જવાબ મળ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે બી.બી.એ કોલેજનાં વિદ્યાર્થીઓ દર વર્ષે રાજ્ય કક્ષાનાં મેગ્નેટ નામે મેનેજમેન્ટ પ્રદર્શન નું આયોજન કરે છે. સંસ્થાનો વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટેનો અભિગમ તેમજ વિદ્યાર્થીઓ ને સફળતા માટે તૈયાર કરવાની તત્પરતાથી વિદ્યાર્થીઓ તેમજ વાલીગણ દ્વારા સંસ્થાના પ્રયત્નોને બિરદાવવામાં આવ્યા છે.

સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય શ્રી ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ શ્રી ડો. જયેશ તન્ના તેમજ પ્રો.આશિષ ભુવા દ્વારા સંપન્ન કરવા આવ્યું હતું.

## જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલયની કૃતિ વિજ્ઞાન મેળામાં પસંદગી પામી

તાજેતરમાં આલમપુર ખાતે વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળાઓએ પોતાની કૃતિ રજુ કરી હતી. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ 'હોમ મેઈડ વેકયુમ કલીનર' કૃતિ રજુ કરી હતી. નજીવી કિંમતે આ ડીવાઈસ બનાવવામાં આવ્યું હતું. ધો-૯ની દિશા સી. પરમાર અને નિધિ આર. ચૌધરીએ વિજ્ઞાન શિક્ષિકા મીનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ આ કૃતિ તૈયાર કરી હતી જેની પસંદગી જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળા માટે થયેલ છે. સૌને આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

# લોકલાડીલા શ્વાન કાલુના મૃત્યુથી પ્રાંતિયા ગામ શોકમગ્ન

## સમસ્ત ગામે વ્હાલસોયા શ્વાનના આત્માની શાંતિ માટે ભજન-કિર્તન કરી શ્રધ્ધાંજલિ અર્પી, ધાર્મિકવિધિથી તેની અંતિમ ક્રિયા કરાઈ

ગાંધીનગર, તા.૨૮

પ્રાણી પણ પ્રેમને પારખી પોતાની વર્તણુક બદલી નાખે છે. જેમાં કુતરો માણસનો સૌથી વફાદાર મિત્ર કહેવાય છે ફકત જરૂર છે તેના પાલન પોષણની. ગાંધીનગર નજીકના પ્રાંતિયા ગામે તાજેતરમાં ગામના વ્હાલસોયા કુતરાનું અવસાન થતા સમસ્ત ગામે સ્વજન ગુમાવ્યું હોય તેવો શોક વ્યકત કર્યો છે. કાલુ નામથી ઘેર ઘેર લોકલાડીલો બનેલો આ શ્વાન ગ્રામજનો માટે લાગણીથી જોડાઈ ગયો હતો. જેથી તેના મૃત્યુ પછી ગ્રામજનોએ ધાર્મિક વિધિ સહિત તેની અંતિમ ક્રિયા કરી હતી અને તેના આત્માની શાંતિ માટે મંદિરમાં ભજન કિર્તન કરી ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પી માનવ અને પ્રાણી વચ્ચેના આત્મીય સંબંધો ઉજાગર કર્યા હતા.





શ્વાન સાથે નિકટતા બંધાઈ ગયા પછી આ વફાદાર પ્રાણી મિત્રતા માટે પોતાનો જીવ આપતા પણ ખચકાતું નથી. તેવી જ લાગણી પ્રાંતિયા ગામના લોકોને તેમના અતિપ્રિય લાડકવાયા અને પ્રેમાળ શ્વાન એવા કાલુ સાથે ઉભી થઈ હતી. ગામમાં કાલુ શ્વાન સૌનો સ્વજન બની ગયો હતો. ગામમાં કોઈ પણના ઘરે જાય તો પોતાનું સંબંધી આવ્યું હોય તેવી લાગણી ઘરવાળાને થતી હતી. સૌના મુખે કાલુ શ્વાન એ કુતરો મટી વ્યકિત બની ગયો હતો તેમજ કાલુ પણ ગ્રામજનોનો પ્રેમપારખી પોતાની વફાદારી દર્શાવવામાં કદાપી ઉણો ઉતર્યો ન હતો.

આ કાલુ શ્વાન અચાનક જ ગ્રામજનોનો સાથ છોડી દઈ અનંતની વાટે ઉપડી ગયો. સમસ્ત ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું. પોતાના સ્વજનની જેમ તેની ધાર્મિક વિધિ સાથે અંતિમ ક્રિયા કરાઈ અને તે સમયે દરેકની આંખો ભીની થઈ ગઈ હતી. આ કાલુ શ્વાનની વફાદારીનું ઋણ ચુકવવા ગામના રામજી મંદિરમાં ભજન કિર્તન અને સત્સંગનું આયોજન કરી તેના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી અને ભાવપુર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ. મંદિરમાં ટેબલ ઉપર કાલુ શ્વાનનો ફોટો, ભગવાનનો ફોટો મુકી દિવો અગરબત્તી કરી ફુલહાર કરવામાં આવ્યા હતા. સમસ્ત ગામ આ પ્રસંગે એકઠું થઈ પોતાના વફાદાર મિત્ર માટે શોક વ્યકત કરતું હતું. પ્રાંતિયા ગામે બનેલી આ હૃદયસ્પર્શી ઘટના એ માનવતાની મહેંક ફેલાવી દીધી છે. વધુમાં ગ્રામજનોએ પણ પ્રભુ પાસે કાલુ શ્વાનનો પ્રાંતિયા ગામમાં ફરી જન્મ થાય તેવી પ્રાર્થના પણ કરી હતી.

## માનસિક તાણ ઘટાડવામાં શિક્ષકની ભૂમિકા વિષે સેમિનાર

શ્રીમતી આર.જી. કન્યા શાળામાં વર્ગખંડમાં વિદ્યાર્થીઓના માનસિક તાણને ઘટાડવા માટેનો એક સેમિનાર શિક્ષકો માટે રાખવામાં આવ્યો હતો.

આત્મહત્યાથી બનતા બનાવો વધ્યા છે. આત્મહત્યાથી મત્યુ અંગેની આંકડાકીય માહિતી આપેલ હતી તેમાંથી કેવી રીતે માનસિકતા બદલી શકાય આ અંગે ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી વંદન રાવલ દ્વારા પ્રોજેકટ રજુ કરવામાં આવ્યો હતો. શ્રી વંદન રાવલે સમય વિષે પુસ્તક પણ લખેલ છે. પશુઓને આધારિત પણ પુસ્તક લખેલ તે વિષેનો પ્રોજેકટ રજુ કર્યો હતો.

આત્મહત્યાથી થતા મૃત્યુની માહિતીની રજુઆત કરવામાં આવી હતી. ભારત-ગુજરાતમાં જુદી જુદી વયના મૃત્યુનું પ્રમાણ આંકડામાં રજુ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ થી ૨૯ વર્ષની વયનો મૃત્યુનો આંક વધારે જોવા મળેલ છે. દેશમાં દર વર્ષે બે હજાર લોકો આત્મહત્યાથી મૃત્યુ પામે છે. આ પ્રોજેકટનો ઉદેશ એ રહેલ કે પરિસ્થિતિનું નિવારણ કરવા શિક્ષક કેવી રીતે પોતાની ભૂમિકા ભજવી શકે.

વર્ગમાં વિદ્યાર્થી સાથે કેવી રીતે કાર્ય કરવું, બાળકો આત્મહત્યા તરફ પ્રેરાય નહીં તે માટે શ્રી વંદન રાવલે વીડીયો બતાવેલ હતો. શિક્ષક અને સમાજની નૈતિક ફરજ છે કે આત્મહત્યા રોકવા પ્રયત્નો કરવા જોઈએ.

શિક્ષકોએ વિદ્યાર્થીઓની નજીક જઈ માનસિકતા બદલવા પ્રયત્નો કરવા જોઈએ. શિક્ષકો દ્વારા હૃદયપૂર્વક પ્રયત્નો કરવામાં આવે તો યુવાધનને બચાવી લેવાય. શ્રી વંદનભાઈ રાવલનો આચાર્યશ્રીએ આભાર માન્યો હતો તથા શાળા પરિવારે શુભેચ્છા વ્યકત કરી હતી.

## ચિરવિદાય

● સ્વ. પ્રતાપજી સેંધાજી ચૌહાણ, ઉ.વ. ૭૮